E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 10 * Issue No. 318 *Date: 08.09.2024,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## લખનૌમાં મોટી દુર્ઘટના: બિલ્ડિંગ ધરાશાયી થતાં એકનું મોત, કાટમાળમાં અનેક લોકો દબાયા હોવાની આશંકા



ઉત્તરપ્રદેશના પાટનગર લખનઉના ટ્રાન્સપોર્ટ નગરમાં ઈમારત ધરાશાયી થતાં મોટી દુર્ઘટના સર્જાઇ છે. હાલ આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત કાટમાળ નીચે અનેક લોકો દટાયા હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી છે. બચાવ કામગીરી દરમિયાન ઈજાગ્રસ્ત લોકોને કાટમાળમાંથી નિકાળી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે. સીએમ યોગીએ પણ ઘટનાને ગંભીરતાથી લઈ ઘટનાસ્થળે હાજર રહેવાના આદેશ આપ્યા છે.પ્રાપ્ત જાણકારી અનુસાર શહીદ પથની પાસે ટ્રાન્સપોર્ટ નગરમાં શનિવારે અચાનક જ એક ઈમારત ધરાશાયી થઈ હતી. ઈમારતની આસપાસ ઘણા સમયથી પાણી ભરાયેલું છે એના કારણે પાયા નબળા થઈ ગયા હોઈ શકે. સ્થાનિકોનું કહેવું છે કે ઘણા સમયથી ઈમારતની હાલત ખરાબ હતી પણ ધ્યાન આપવામાં આવતું નહોતું.

બિલ્ડિંગ ધરાશાયી થયા બાદ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. રાહત અને બચાવ કાર્ય માટે જીલ્લા અને NDRFની ટીમોને પણ તાબડતોબ સૂચના આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનો પણ રાહત અને બચાવ કાર્યમાં જોડાયા હતા. યોગીએ પણ ઘટનાની જાણ થતાં જ પોલીસ જવાનોને ત્યાં ઘટનાસ્થળે હાજર રહેવાના આદેશ આપ્યા હતા.

## તારંગા-અંબાજી રેલવેની જમીન સંપાદનમાં ભ્રષ્ટાચારના સાંસદ ડાભીના પત્રથી હડકંપ


પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ તારંગા-અંબાજી-આબુ રેલવે ટ્રેકની જમીન સંપાદનમાં ડમી બોરવેલ દર્શાવી ખોટું વળતર ચૂકવી ભ્રષ્ટાચારની આચરાયો હોવાની આશંકા સાથે કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખતાં હડકાંપ મચી ગયો છે. પત્રમાં આ જમીન સંપાદનમાં રેલવેના ત્રણ કર્મી પણ સંડોવાયેલા હોઈ તેમની બદલી કરી વળતર પ્રક્રિયાની વિજિલન્સ તપાસ સોંપવાની પણ માગણી કરી છે. સાંસદના આ લેટર બોમ્બથી રેલવે તંત્રની સાથે સ્થાનિક વહીવટી તંત્રમાં પણ હલચલ મચી ગઈ છે.

સાંસદ ભરતસિંહ ડાભીએ ગત ૨૭ ઓગસ્ટે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર પાઠવ્યો હતો. જેમાં તારંગાથી અંબાજી- આબુ રોડ નવીન રેલવે ટ્રેકના ફેઝ-૧ના ૧૧ થી ૨૦ કિમીના ટ્રેક માટે કરેલ સર્વે મુજબ બોરવેલ વગેરેને ધ્યાને રાખી વળતર ચૂકવાયું છે. જેમાં કેટલાક ખેડૂતોએ જમીનમાં ૧૦ થી ૨૦ ફૂટ ઊંડી પાઈપો ઉતારી ડમી બોરવેલ દર્શાવીને કરોડોનું વળતર મેળવ્યું છે અને આ પ્રકરણમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર નાગેશકુમાર, પ્રવીણ કુમાર (એસએસઈ) અને પંકજ સોની (આઈઓડબલ્યુ) તેમજ કેટલાક ખેડૂતો સંડોવાયેલા છે. જેથી ત્રણેય રેલવે કર્મીઓની તાત્કાલિક બદલી કરી તેમની વિરુદ્ધ ખાતાકીય કાર્યવાહી હેતુ વળતરના ચુકવણાની રેલવે દ્વારા વિજીલન્સ ઈન્કવાયરી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

## અમરેલી માર્કેટ યાર્ડમાં મોટી દુર્ઘટના: ઘઉંની બોરીઓ નીચે ૫ મજૂરો દટાયા, ૧ નું મોત

અમરેલી માર્કેટયાર્ડમાં આજે ઘઉંની બોરીઓ ઉતારતી વખતે દુર્ઘટના સર્જાઇ હતી. આ દુર્ઘટનામાં ૫ મજૂરો દટાયા હતા જેમાં એક મજૂરનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ૪ ઈજાગ્રસ્ત મજૂરોને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ અકસ્માતના પગલે મજૂરો અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે અમરેલી માર્કેટયાર્ડમાં વેપારીના ત્યાં મજૂરો ઘઉંની બોરીઓ ઉતારી રહ્યા હતા. તે દરમિયાન અચાનક જ ઘઉંની બોરીઓ ૫ મજૂરોના ઉપર પડી હતી. બોરીઓની નીચે દબાયેલા મજૂરોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા.આ દુર્ઘટનામાં ખીજડિયાના વિપુલ દિનેશ કનક (ઉં.વ. ૩૦) નામના મજૂરનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય ૪ મજૂરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘાયલ મજૂરોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ઘસેડવામાં આવ્યા હતા.

## પાકિસ્તાનની લાગી લોટરી! સમુદ્રમાં મળ્યો દુનિયાનો ચોથો સૌથી મોટો ઓઈલ અને ગેસનો ભંડાર



આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને લોટરી લાગી ગઈ છે. પાકિસ્તાનના સમુદ્રમાંથી વિશ્વનો ચોથો સૌથી મોટો ઓઈલ અને ગેસનો ભંડાર મળી આવ્યો છે. મીડિયા અહેવાલ પ્રમાણે આ ભંડાર એટલો મોટો છે કે, તેનાથી પાડોશી દેશનું કિસ્મત બદલાઈ શકે છે. એક ન્યૂઝ ચેનલે એક વરિષ્ઠ અધિકારીનો હવાલો આપતા જણાવ્યું કે, ઓઈલ અને ગેસનો ભંડાર હોવાની પુષ્ટિ માટે એક મિત્ર દેશના સહયોગથી ત્રણ વર્ષ સુધી સર્વે કરવામાં આવ્યો હતો. ભૌગોલિક સર્વેક્ષણથી પાકિસ્તાનને ભંડારના સ્થાનની ઓળખ કરવામાં મદદ મળી. સંબંધિત વિભાગોએ સરકારને પાકિસ્તાનના સમુદ્રની સીમામાં ઓઈલ સંસાધનો અંગે જાણકારી આપી છે.અધિકારીએ કહ્યું કે આ સંસાધનોનો લાભ મેળવવા માટે બિડિંગ અને એક્સપ્લોરેશન પ્રસ્તાવોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે, જેનો અર્થ છે કે નજીકના ભવિષ્યમાં સંશોધન કાર્ય શરૂ કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે, જોકે કૂવાઓનું ખોદકામ અને ખરેખર ઓઈલ કાઢવામાં વર્ષો લાગી શકે છે.અધિકારીએ કહ્યું કે આ અંગે પહેલ કરીને અને ઝડપથી કામ પૂર્ણ કરવાથી દેશની આર્થિક કિસ્મત બદલવામાં મદદ મળી શકે છે. કેટલાક અનુમાન જણાવે છે કે, આ શોધ દુનિયામાં ચોથો સૌથી મોટો ઓઈલ અને ગેસ ભંડાર છે. પાકિસ્તાન છેલ્લા ઘણા વર્ષોથી આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. દેશ પાસે પર્યાપ્ત વિદેશી ચલણ નથી. મોંઘવારીએ લોકોનું જીવવું મુશ્કેલ કરી દીધુંછે. આવી સ્થિતિમાં મોટા પ્રમાણમાં ઓઈલ અને ગેસનો ભંડાર મળવો એ પાકિસ્તાન માટે કોઈ વરદાનથી ઓછું નથી.

## ટ્રમ્પ કે કમલા હેરિસ: જાણો અમેરિકાના હિન્દુઓએ ખુલ્લેઆમ કોનું કર્યું સમર્થન, કારણ પણ જણાવ્યું

નવેમ્બરમાં યોજાનારી અમેરિકી પ્રમુખ પદની ચૂંટણીમાં હવે બે મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે. આવી સ્થિતિમાં હવે અમેરિકામાં ચૂંટણી અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. આ વચ્ચે હવે અમેરિકામાં રહેતા હિન્દુઓએ જણાવ્યું કે, તેઓ આ ચૂંટણીમાં બે પ્રમુખ પાર્ટીઓમાંથી કોને પોતાનું સમર્થન આપી રહ્યા છે. હિન્દુ ફોર અમેરિકા ફર્સ્ટ નામની સંસ્થાએ જાહેરાત કરી છે કે અમે ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપીશું. એટલું જ નહીં આ જૂથ પેન્સિલવેનિયા, જ્યોર્જિયા અને નોર્થ કેરોલિના રાજ્યોમાં ડેમોક્રેટિક ઉમેદવાર ઉપપ્રમુખ કમલા હેરિસ વિરુદ્ધ અભિયાન શરૂ કરશે.ગુરુવારે પોતાનો નિર્ણય જાહેર કરતા હિન્દુ ફોર અમેરિકા ફર્સ્ટના અધ્યક્ષ અને સ્થાપક ઉત્સવ સંદુજાએ દાવો કર્યો કે જો હેરિસ ચૂંટણી જીતશે તો ભારત-અમેરિકાના સંબંધો વણસી શકે છે. તેમણે કહ્યું કે, ચિંતા એ છે કે જો કમલા અમેરિકાના પ્રમુખ બની જશે તો તેઓ કેટલાક ઉદારવાદીઓને આગળ લાવી શકે છે જે એશિયન-અમેરિકન મતદારોને પ્રભાવિત કરશે. નોંધનીય છે કે બાઈડેન-હેરિસ પ્રશાસને સરહદને સુરક્ષિત નથી રાખી. તેમણે કહ્યું કે, હેરિસ પ્રમુખ જો બાઈડેન પછીના બીજા નંબરના નેતા છે

## ઈઝરાયલે કરી મોટી ભૂલ, અમેરિકન મહિલાને ગોળી મારી, બાઈડેન નેતન્યાહૂ સામે કરશે કાર્યવાહી?



ઈઝરાયલ-હમાસ વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. પરંતુ ઈઝરાયલના સૈનિકોએ મિત્ર દેશ અમેરિકના નાગરિકની હત્યા કરતા હડકંપ મચી ગયો છે. સેનાએ એક અમેરિકન મહિલાને પેલેસ્ટાઈનના તટ પર ગોળી મારી દીધી હતી. આ ઘટના બાદ અમેરિકન પ્રમુખ જો બાઈડેન ભડકી શકે તેવી સંભાવના દર્શાવવામાં આવી રહી છે. પરંતુ સવાલ એ છે કે, આખરે ઈઝરાયલના સૈનિકોએ આ મહિલાને કેમ મારી?મળતી માહિતી મુજબ, ઈઝરાયલ સૈનિકોની ગોળીનો શિકાર બનેલી અમેરિકન મહિલા પેલેસ્ટાઈનના પશ્ચિમી તટ પર વસાહતોના વિરોધમાં આયોજીત પ્રદર્શનમાં સામેલ હતી. ઈઝરાયલ સૈનિકોએ આ આંદોલનમાં ભાગ લેવાના કારણે અમેરિકન મહિલાને ગોળી મારી હત્યા કરી હતી.અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મૈથ્યુ મિલરે તુર્કીમાં જન્મેલી ૨૬ વર્ષની આયસેનુર એજગી ઈગીના મોતની પુષ્ટિ કરી છે. પરંતુ, તેઓએ જણાવ્યું નથી કે, મહિલાને ઈઝરાયલના સૈનિકોએ ગોળી મારી છે કે નહીં. વ્હાઈટ હાઉસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'અમે અમેરિકન નાગરિકની હત્યાથી ખૂબ પરેશાન છે.'તુર્કીના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઓનકૂ કેલેસીએ કહ્યું- 'ઈગી તુર્કીની પણ નાગરિક હતી. નેતન્યાહૂ સરકાર દ્વારા કરવામાં આવેલી આ હત્યાની અમે નિંદા કરીએ છીએ. અમે તેની હત્યા કરનારને ન્યાયના કઠઘરામાં લાવવાના તમામ પ્રયત્ન કરીશું.

## દીકરા સામેની લડાઈમાં માતાનો વિજય, ૧૧૦૦૦ કરોડની કંપનીની મળી કમાન, દીકરો બોર્ડમાંથી બહાર

લંડનમાં સ્થાપિત અને ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન કારોબાર વિસ્તરિત કરનારી કંપની ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિમિટેડ હવે ભારતીય કંપની મોદી એન્ટરપ્રાઈઝિસનો હિસ્સો બની છે. પરંતુ આ કંપની મુદ્દે માતા-દિકરા વચ્ચે જંગ છેડાઈ છે. મોદી ફેમિલીની લડતમાં વધુ એક નવો વળાંક આવી ચૂક્યો છે. હવે ગોડફ્રે ફિલિપ બોર્ડના એજીએમમાં શેર હોલ્ડર્સે એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સમીર મોદીને બોર્ડથી બહાર કરવાની મંજૂરી આપી દીધી છે. કંપનીએ આપેલા ખુલાસામાં કહ્યું કે સમીર મોદી બહાર ગયા બાદ હાલ આ પદને ભરી શકાશે નહી. તેમના માતા બીના મોદીને ફરીથી મેનેજિંગ ડાયરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમના પુત્રી ચારુ મોદીને પણ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પસંદ કરવામાં આવ્યા છે. આ મોટા ફેરફાર બાદ મોદી ફેમિલીમાં વિવાદ એક નવો વળાંક લેતો નજર આવી રહ્યો છે.

આ મહત્વપૂર્ણ બેઠક પહેલા ગ્રૂપના ચેરપર્સન અને મેનેજિંગ ડાયરેક્ટર બીના મોદીને દિલ્હી હાઈકોર્ટથી રાહત મળી, જેણે તેમને એજીએમમાં કેકે મોદી પરિવાર ટ્રસ્ટ તરફથી વોટ આપવાની પરવાનગી આપી દીધી. હાઈકોર્ટે સમીર અને રુચિર મોદીની તે અરજીને પણ ફગાવી દીધી, જેમાં બીના મોદીને છઘ્સ્માં વોટ કરવાથી રોકવાની માગ કરવામાં આવી હતી.

ટ્રસ્ટની પાસે કંપનીમાં લગભગ ૪૭.૫ ટકા ભાગીદારી છે, જ્યારે ભાગીદાર વૈશ્વિક દિગ્ગજ ફિલિપ મોરિસ ઈન્ટરનેશનલની પાસે ૨૫ ટકાથી થોડી વધુ ભાગીદારી છે. જોકે, એમડીની નિમણૂકનો અધિકાર સંપૂર્ણરીતે મોદી પ્રમોટર બ્લોક પાસે છે. ઉલ્લેખનીય છે કે કેકે મોદી ગ્રૂપના



મુખ્ય કંપનીના પૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સમીર મોદીને તેમના માતા બીના મોદીની લીડરશિપમાં વિરોધી જૂથ દ્વારા બહાર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેની પર પ્રમોટર્સે વોટિંગ કરીને મોહર લગાવી દીધી છે.

ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિમિટેડના શેરોમાં શુક્રવારે બિઝનેસમાં ઝડપથી ઉછાળો આવ્યો અને આ પોતાના સર્વાધિક ઉચ્ચ સ્તરે પહોંચી ગયો. ઘરેલૂ બેન્ચમાર્કમાં ભારે ઘટાડા છતાં શેર ૧૪.૫૦ ટકા ઉછળીને ૭,૩૨૦ રૂપિયાનો રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી ગયો. આ તેજી ત્યારે આવી જ્યારે કંપનીએ કહ્યું કે તે ૨૦ સપ્ટેમ્બરે ૨:૧ ના પ્રમાણમાં શેરોના બોનસ ઈશ્યૂ પર વિચાર કરવા અને તેને મંજૂરી આપવા માટે બેઠક કરશે. જો મંજૂરી મળે છે તો એક શેર પર બે અન્ય શેર મળશે. આ સિવાય ઈક્વિટી શેરો પર ૫૬ રૂપિયા પ્રતિ શેરના દરથી ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી છે.

## તંત્રી લેખ.....

### રોકાણકારોની સંપત્તિ રૂ. ૫.૫૦ લાખ કરોડ ધોવાઈને રૂ. ૪૬૦.૧૮ લાખ કરોડ

વૈશ્વિક પ્રતિકૂળ અહેવાલો તેમજ વિદેશી રોકાણકારોની ચાલુ રહેલી વેચવાલી પાછળ આજે પસંદગીના હેવીવેઇટ શેરોમાં મોટા પાયે વેચવાલીનું દબાણ આવતા સેન્સેક્સમાં ૧૦૧૭ અને નિફ્ટીમાં ૨૯૩ પોઇન્ટનો કડાકો બોલી ગયો હતો. સેન્સેક્સના કડાકા પાછળ રોકાણકારોની સંપત્તિ રૂ. ૫.૫૦ લાખ કરોડનું ધોવાણ થયું હતું. કામકાજના પ્રારંભથી જ ફ્રન્ટલાઇન તેમજ હેવીવેઇટ શેરોમાં મોટા પાયે વેચવાલીનું દબાણ આવતા સેન્સેક્સ ઇન્ટ્રા-ડે ૧૨૧૯ પોઇન્ટ તૂટયો હતો જ્યારે નિફ્ટી ઇન્ટ્રા-ડે ૩૪૩ પોઇન્ટ તૂટયો હતો.એકધારા વેચવાલીના દબાણ પાછળ કામકાજના અંતે સેન્સેક્સ ૧૦૧૭ પોઇન્ટ તૂટીને ૮૧૧૮૩.૯૩ની સપાટીએ નરમ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૯૨.૯૫ પોઇન્ટ તૂટીને ૨૪,૮૫૨.૧૫ની સપાટીએ ઉતરી આવ્યો હતો.

સેન્સેક્સના કડાકા પાછળ આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫.૫૦ લાખ કરોડનું ધોવાણ થતાં અંતે રૂ. ૪૬૦.૧૮ લાખ કરોડ રહ્યું હતું. આજે વિદેશી રોકાણકારોએ રૂ. ૬૨૧ કરોડની વેચવાલી હાથ ધરી હતી.દરમિયાન અમેરિકાના જોબ ગ્રોથ ડેટા ઘટીને અપેક્ષાથી નીચા જાહેર થયાના અહેવાલો પાછળ અર્થતંત્રની વૃદ્ધિની ચિંતા પ્રબળ બનતા આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં અમેરિકન શેરબજારનો ડાઉજોન્સ ઇન્ડેક્સ ૩૫૫ પોઇન્ટ તૂટીને ૪૦,૪૦૦ ઉતરી આવ્યો હતો. જ્યારે નાસ્ડેક ઇન્ડેક્સ ૪૧૬ પોઇન્ટ તૂટીને ૧૬૭૧૧ ઉતરી આવ્યો હતો.

# પાન મસાલાની જાહેરાતની ઓફર ઠુકવનાર અલ્લુ અર્જુનને અમે ઝક્કાશ ઓફર કરી!

અલ્લુ અર્જુન.ધણાને નામ અપરિચિત લાગશે. આ ભાઈ કોણ છે? શું કરે છે? કોઈ પોલિટિકલ એન્ટિટી છે? કોઈ સેલેબ્રિટી છે? આવા ઘણા સવાલો તમારા મગજમાં ફલેશ લાઈટની માફક લબકઝબક થતા હશે!.પરંતુ,સ્ટાર્ટર કે ચોકની ખામી હોય તો સલમાનખાનની ફિલ્મ ટયુબલાઈટની માફક ટયુબલાઈટ ન થાય કે લેખક રઘુવીર ચૌધરીની કૃતિ ડીમલાઈટની જેમ ડીમલાઈટ પણ ન થાય.

હું તમને કહું કે તામિલની બ્લોકબસ્ટર અને બોલિવુડની ફિલ્મોને ફીણ લાવનારી અને ચંદનચોર વિરપ્પન પર આધારિત ફિલ્મ 'પુષ્પા'માં અલ્લું અર્જુને લીડ રોલ કરેલો. તો તમારા મગજની પેટ્રોમેક્ષ કે હેલોઝન ઝગમગી ઉઠશે, ખરૂં કે નહીં? તમને 'પુષ્પા કિસીકે સામને નહીં ઝૂકેગા ' એ ડાયલોગ યાદ આવશે.

અલ્લુ અર્જુને જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે, ત્યારે આજે તેણે આ સ્થાન હાંસલ કર્યું છે. અલ્લુ અર્જુને ખૂબ જ નાની ઉંમરમાં કેમેરાનો સામનો કર્યો હતો.અલ્લુ અર્જુનની ઉંમર માત્ર ૩ વર્ષની હતી જ્યારે તેને પહેલીવાર કેમેરા સામે આવવાની તક મળી. અલ્લુએ વર્ષ ૧૯૮૫માં રિલીઝ થયેલી ફિલ્મ 'વિજેતા'માં બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. આ પછી અલ્લુ ફરી વર્ષ ૨૦૦૩માં ફિલ્મ 'ગંગોત્રી'માં લોકો સામે જોવા મળ્યો હતો.

આ પછી અલ્લુની શાનદાર કારકિર્દી શરૂ થઈ. આ દરમિયાન તેણે એકથી એક શાનદાર ફિલ્મોમાં કામ કર્યું. તમને જણાવી દઈએ કે, હાલમાં જ અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ધ રાઈઝ' બોક્સ ઓફિસ પર કમાણીનાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા.. આ સિવાય અલ્લુએ વર્ષ ૨૦૨૦માં ફિલ્મ 'આલા વૈકુંઠપુરમલો'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મને અભિનેતાની સુપરહિટ ફિલ્મોમાંની એક ગણવામાં આવે છે. આ ફિલ્મમાં અર્જુન સાથે બોલિવૂડ એક્ટ્રેસ પૂજા હેગડે લીડ રોલમાં જોવા મળી હતી. અલ્લુ અર્જુન તામિલ ફિલ્મોમાં સૌથી વધુ મહેનતાણું લેતો અભિનેતા છે. તે પ્રભુદેવાની માફક તેની ડાન્સિંગ સ્કીલ માટે જાણીતો છે.

અત્યાર સુધીમાં તેણે ૨૦ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે.

આપણે ત્યાં પૈસા મારા પરમેશ્વરને હું પૈસાનો દાસ એવું કહેવાય છે. નાણા વગરનો નાથિયો અને નાણે નાથાલાલ એમ પણ કહેવાય છે. હોલ થીંગ ઈઝ મની. કેટલાક ડોબાઓ કહે છે કે કાંહે પૈસે કા ઈતના ગુરૂર કરે હૈ યહી પૈસા અપનોસે દૂર કરે હૈ એવું ગીતમાં કહે છે?આપણા જીવનની મોટાભાગની પ્રવૃત્તિનું ચાલકબળ પૈસા છે. નગદનારાયણની જય હો એવું કહી શકાય.મની હૈ તો હની હૈ, બરાબરને?

ફિલ્મોમાં સૌ કોઈ કીર્તિ અને કલદાર માટે કામ કરે છે.ફિલ્મ બોકસ ઓફિસ પર પિટાઈ જાય અગર હિટ જાય એકટરોની ફીમાં ફરક પડતો નથી. અદાકારોની જીંદગી ચાર દિન કી ચાંદની જેવી હોય છે. પછી પછી ગૂમનામીનો અંધકાર ક્ તિમિર હોય છે. કામધંધો ન મળે તો મુફલિસની માફક જીંદગી બસર કરે છે.સ્ટ્રગલરની હાલત કફોડી હોય છે. આંખમાં સપના આંજીને આવેલા યુવાનો યુવતીની હાલત કફોડી હોય છે.,એકસ્ટ્રા કલાકાર તરીકે કોરસ કે ભીડમાં ચંદ સેકન્ડ તેના પર કેમેરાનું ફોકસ રહે અને એના લીધે જબરદસ્ત બ્રેક મળે તેવા મુંગેરીલાલ કે હસીન સપને જોતો રહે છે, જે પૂરા કરવા સંઘર્ષ કરતો રહે છે. કેટલાક જીંદગીભર કેમિયો કરે છે, લીડ રોલ મળતો નથી.

અભિનેતા ફિલ્મ ઉપરાંત જાહેરખબર, ઈવેન્ટમાં હાજર રહી ફેન્સ તરફ હાથ હલાવી મોટી રકમ લઈને ચાલતી પકડે છે.ઘણીવાર મેગેઝિન માટે ફોટો શૂટ કરાવવા કલદાર મળે છે. કલાકાર ઘણીવાર ભાન ભૂલી ફસાઈ જવાય તેવા ફોટોશૂટ કરાવે છે.દિપિકાનાથ રણવીરસિંહ એક ટર્કિશ કાલીન પર અલગ અલગ અંદાજમાં પોઝ આપી રહ્યાં છે. કોઈ ફોટોમાં તે ફક્ત સુતેલો નજર આવે છે તો કોઈકમાં તે ઉભો નજર આવે છે. તેને પેપર મેગેઝીનનું ફોટોશૂટ કરાવ્યું છે. તેણે મેગેઝિનને ન્યૂડ ફોટોશૂટ કરાવ્યું હતું. રણવીરે ન્યૂડ ફોટોશૂટ પર એક ઈન્ટરવ્યુમાં કહ્યું, 'મારા માટે શારીરિક રીતે નગ્ન થવું ખૂબ જ સરળ છે. હું મારા કેટલાક અભિનયમાં નગ્ન રહી છું. તમે મારા આત્માને જોઈ શકો છો. તે કેટલો નગ્ન છે? ચોરી પર સિનાજોરી જેવી બાબત છે કે નહીં? તેને આ ફોટોશૂટ માટે દસ કરોડ જેવી રકમ આપવામાં આવી હોવાની ચર્ચા છે. ઉરાંદઉટાંગ જાહેરાત દ્વારા પોતાની તિજોરી છલકાવી રહ્યો છે!!અજય દેવગન, શાહરૂખ ખાન બાદ તાજેતરમાં બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર પાન મસાલાની એડમાં જોડાયો છે. જ્યારથી આ સમાચાર આવ્યા છે ત્યારથી અક્ષય કુમાર સોશિયલ મીડિયા પર સતત ટ્રોલ થઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે અક્ષયે પોતાના ઘણા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ગુટખા કંપનીઓ તેને કરોડોની ઓફર કરે છે, પરંતુ તે તેને ફગાવી દે છે.

મેગાસ્ટાર અમિતાભ બચ્ચને સોમવારે પાન મસાલાની જાહેરાતમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. અમિતાભે થોડા સમય પહેલા એક પાન મસાલાની જાહેરાત કરેલી.ત્યારબાદ તેને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવી હતી. લોકો પાન મસાલાની આ જાહેરાત કરતા અમિતાભ જેવા અનુભવી વ્યક્તિત્વ સામે વાંધો ઉઠાવતા હતા. પરંતુ અમિતાભ પાન મસાલા એડમાં સામેલ થનારા પ્રથમ સેલિબ્રિટી નથી. હોલીવુડ અભિનેતા પિયર્સ બ્રોસ્નાને પણ પાન બહારની જાહેરાત કરી હતી.

ઘણી સેલિબ્રિટી ગમે તેટલી રકમ ઓફર કરે તો પણ ઠંડા પીણા અથવા ભ્રામક દાવા તરતી જાહેરખબર ધરાર નકારે છે!! એમને કલદાર કરતાં ઈમેજની પડી હોય છે!!અલ્લુ અર્જુન અંગત રીતે તમાકુનું સેવન કરતો નથી. તેથી તે નથી ઈચ્છતો કે તેના ચાહકો આ જાહેરાત જોઈને પ્રોડક્ટનું સેવન કરવા લાગે. અભિનેતાને પાન મસાલા કંપની તરફથી જાહેરાત માટે મોટી રકમ મળી હતી, પરંતુ અભિનેતાએ ખચકાટ વિના તેને ફગાવી દીધી હતી. ફિલ્મોમાં ધૂમ્રપાન કરવું એ અભિનેતાના હાથમાં નથી, જોકે જ્યારે પણ શક્ય બન્યું ત્યારે તેણે વપરાશના વિચારની વિરુદ્ધ હોવાનો સંદેશ આપ્યો છે. એક તરફ, તેલુગુ કલાકારો સહિત ટોચના અભિનેતાઓ તગડી રકમ ચૂકવ્યા પછી ઉત્પાદનની જાહેરાત કરતાં અચકાતા નથી. બીજી બાજુ અલ્લુ અર્જુન માટે, તે માત્ર પૈસાની વાત નથી, પરંતુ તેના ચાહકો અને સમાજની સુખાકારી અગત્ય ધરાવે છે.પુષ્પા ફિલ્મમાં 'મૈં ઝૂકેગા નહીં 'એવો ડાયલોગ બોલનાર અલ્લુ અર્જુન નામ મુજબ અલેલટપ્પુ લાગે છે. અરે, ભાઈ તારે ફિલ્મની માફક પાનમસાલાની એડમાં એકટિંગ કરવાની છે. પછી આવા ચોખલિયાવેડા શા માટે? પાનમસાલાની જાહેરાતની એકટિંગ કર, પૈસા લે અને સંજય દત, પરેશ રાવલ, શમ્મીકપૂર, અજય દેવગન, શાહરૂખ ખાન, અક્ષયકુમારની માફક ચાલતી પકડ. દુનિયા સુધારવાનો ઠેકો લીધો છે? તું આ જાહેરાત નહીં કરે તો બીજો કોઈ કરશે!!!બધા રાતોરાત સંત બની જવાના નથી. બે રૂપિયાની પડીકીની જાહેરાત ત્રણ ત્રણ દિગ્ગજ એકટર અને હીરોઈન કરે છે. બદલામાં કરોડો રૂપિયાની એકનંબરી-બેનંબરી ફી મેળવીને તિજોરી તગડી કરે છે. પછી ભલે એ મસાલા કે પીણા ધીમા મોતનો સામાન કેમ ન હોય? અરે અહીં મોત પણ ઈન્સ્ટોલમેન્ટ પધ્ધતિએ મળે છે. અહીં જીવવાની પણ જલ્દી નથી અને મરવાની ઉતાવંળ નથી.

જો અલ્લુભાઈ ,મસાલા કે પીણાની આડીતેડી જાહેરાત ન કરવી હોય એ તારી મરજી . પરંતુ, આવી જાહેરાત કરવામાં અમારા રાજુ રદીને વાંધો નથી. આમ, તો તારો દેખાવ અને રાજુ રદીનો દેખાવ સેમ ટુ સેમ છે.રાજુ તારી ફીની સરખામણીએ પાન મસાલાની કંપનીને બમ્પર ટુ બમ્પર એક નંબર-બે નંબરમાં ડિસ્કાઉન્ટ દેશે. જાહેરાતમાં કોસ્ટ કટિંગ થશે. ભઈ, અમે ગુજરાતી છીએ. ધંધો અમારા લોહીમાં વહે છે. અમે તારું પણ વિચારીશું. રાજુ રદીને આવી જાહેરાત અપાવીશ તો તમે વીસત્રીસ ટકા કમિશન આપ્યું. પણ બોસ મોટું મોઢું ફાડીને નવાણુ ટકા કમિશન માંગતો નહીં. જાહેરાતની ડીલ કબૂલ મંજૂર કે નહીં એ અમને લેન્ડલાઈન ફોન પર જણાવજે. નહીંતર ઘણાબધા લાઈનમાં ઉભા છે!

ભરત વૈષ્ણવ

## કશુંક અંદર ખખડે,(૨)

ક્યારેક બોદુ ,ક્યારેક થોડું ,અંદર અંદર રણકે..કશુંક

માટીનું આ વાસણ નથી ભર્યું સાવ છલોછલ,

સમજણનું અડધું પાણી છતાંય છલકે અઢળક,
કોનો ગારો? કોની માટી? કોણ ઠાલુ ખખડે?...કશુંક

માટીનાં આ વાસણને છે સતત લીપવાનું,

અંદર સંઘર્યું થોડું કામનું થોડું સાવ નકામું,

જે નકામું સંઘરો એ બધું અંતમાં બગડે...કશુંક

સડી ગયેલી ઈચ્છાઓની જીવાતો અંદર ચોંટે,
કામણગારા સાપોલિયાઓ આ વાસણને ડંખે,

ખબર પડે ના અંદર અંદર કોણ કોને કરડે?....કશુંક

ખરો સમય તો હવે થયો છે વાસણ ઊટકવાનો,

ચોખ્ખું કર્યા પછી મહીં સારું ભાથું મુકવાનો ,

જોજે માટીનું આ ઠામ પછી બહારથી યે ચળકે.....કશુંક

-કેતન ભટ્ટ (અમદાવાદ)

## ભીતરે

વિસ્તર્યું આકાશ જાણે આ હૃદયની ભીતરે
છૂટવાના પાશ જાણે આ હૃદયની ભીતરે.

કાળનાં ચક્રોએ મારી ભીંસ તો અટકી ગયો
છે સમયની લાશ જાણે આ હૃદયની ભીતરે.

તું મળે કે ના મળે એ તો પછીની વાત છે
છે ચળકતી આશ જાણે આ હૃદયની ભીતરે.

છે ઘણું ચિક્કાર ને ત્યાં સ્હેજ પણ જગ્યા નથી
એ છતાં અવકાશ જાણે આ હૃદયની ભીતરે.

હું બધી શ્રદ્ધાથી પર છું એ છતાં પણ થાય છે
તું મળ્યાનો ભાસ જાણે આ હૃદયની ભીતરે.

એષણાઓ ભીતરે અથડાઈને પછી ફરે
થઈ રહ્યો કંકાસ જાણે આ હૃદયની ભીતરે.

હિમાંશુ પટેલ'અદ્વૈત'

## બેઠો છું,

હૃદયમાં રામને વાવી બેઠો છું,
આચરણમાં કૃષ્ણને વણી બેઠો છું.

મહાભારત ખેલાતું ભીતર-બહાર ,
કૃષ્ણને સારથિ બનાવી બેઠો છું.

રાવણ રંજાડતો સદા વિશ્વને,
માણસાઈમાં સ્નેહ વાવી બેઠો છું.

બ્રહ્માંડીક પ્રેમસંબંધ રાધા-કૃષ્ણનો,
અનંત રાધાપ્રેમ શ્વસી બેઠો છું.

સંબંધમાં વ્હાલને વાવી બેઠો છું,
ઈશ્વરને જીવનમાં વણી બેઠો છું.

ધીરેન્દ્ર ઋષિ. (મુંબઈ)

## પણ હોય

થઈ ગયેલ ભૂલની ઈન્સાફી પણ હોય

વિચારીને કરેલી ભૂલની માફી ના હોય

વાલા

રૂપિયા દેખીને તો બધા આવે પાડવા રોલા
સ્વાર્થ પત્યા પછી અલગ થઈ જાય ગોલા

આપની સામે મીઠુ બોલીને કરતા હોય કાલાવાલા

હોય ભલે પરિવાર કે સગાવાલા
ખરા સમયે એજ બેઠા હોય બનીને સામેવાલા

શબ્દો કડવા છે સત્યના યાદ રાખજો વાલા
દુઃખમાં માંડીજાયો વીરજ આવે જીલવા ભાલા

બાબુ પરમાર 'કાઠ્યાવાડી'

.....................................

## બસ ત્યાર ની આ વાત છે. ..

-સરકી ગયો પાલવ તમારો હાથ થી, બસ ત્યાર ની આ વાત છે,
હું થઈ ગયો અલગ ખુદ મારી જાત થી, બસ ત્યાર ની આ વાત છે.

-આખોં ભિંજાઈ ગઈ તમારી, કેમછો ? પૂંછ્યું અમે જો માર્ગ માં,
ફેલાઈ ગઈ અફવા પણ શું! વાતોવાત થી? બસ ત્યાર ની આ વાત છે.

-સામેજ તો મંજિલ હતી બસ બે કદમ, ને અલવિદા કહી ગયા તમે!

ના થઈ શક્યો બેઠો ફરી હું, આધાત થી બસ ત્યાર ની આ વાત છે.

-શેરી હતી સુમસામ ને ભડકે બળી'તી જિંદગી ચારે તરફ,

આવ્યો હતો છૂટી ને હું , હવાલાત થી બસ ત્યાર ની આ વાતછે.

-આવ્યું' તું કૈં'ક નુકશાન આંધી નાં હિસ્સા મા પણ હકિકત છે "હુસૈન",

ભીડી'તી બાથ મેં ઝંઝાવાત થી બસ.ત્યાર ની આ વાત છે.

હુસૈન ગાહા ."હુસૈન" (ભાવનગર)

.....................................................

## ઘટે !

એનામાં કાંઈ ન ઘટે !

ઘટે તો બધું જ ઘટે !

થાય અંતે ખાનાખરાબી,
જો વાત ચડી જાય વટે !

સૂકાઈ એ ગમતી નદી,

કેમ બેસવું ગમે સૂકા તટે ?

ન જાણે કેમ ભૂલ કરી બેઠાં,

જો કે તેલ પૂર્યું'તું લટે લટે !

જાકારો એને મળ્યો'તો છતાં,

આ દિલ દિલને પામવા મથે !

બાજી હાથમાંથી સરે પછી જ,

ઈશ્વરને યાદ કરે એ સંકટે !


વિનોદ ભટ્ટ (રાજકોટ)



પમી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ શિક્ષક દિને લાયન્સ કલબ ઈન્ટરનેશનલ અને એસ.વી.કોમર્સ કોલેજ દ્વારા શિક્ષણ ક્ષેત્રમા પ્રશંસનીય કામગીરી કરવા બદલ ગામ વલાસણાના વતની શ્રી હરિસિહ એસ.રાઠોડ (કો.ઓરડિનેટર, જ્ઞાનદા ગર્લ્સ એજ્યુકેશન કેમ્પસ, અમદાવાદ) ને બેસ્ટ ટીચર તરીકેનો એવોર્ડ અર્પણ કરાયો હોવાનું જણાવી સામાજિક કાર્યકર મનહરસિંહ વાઘેલા એ હરિસિંહ રાઠોડને અભિનંદન આપ્યાં છે



શુભેચ્છાઓ પાઠવી છે અને સ્વાગત કર્યું છેઆવતી કાલે ગણેશ દુંદાળા દેવની સ્થાપના કરવામાં આવી રહી છે૨૦૧૧ થી પરિવાર સાથે સાથે ઉજવણી કરવામાં આવે છે આપ આપનો પરિવાર મિત્રો સાથે દર્શન કરવા આવો આપને ગણેશનું નિમંત્રણ છેપ્લોટ ૧૭૪૨/૨. સેક્ટર ૨ હૃ જૈંદ્ધી સ્વામિનારાયણ મંદીર પાસે સવારે નવ વાગે ,શનિવાર.શર્મા પરિવાર ગાંધીનગર.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 347**
વિષયઃ- સ્વપ્નોની ભરમાળ
શિર્ષકઃ- સપનું બાળકનું
શબ્દોઃ- ૫૨. પ્રકારઃ- પદ્ય

"બનવું છે મારે ચિત્રકાર મમ્મી."
કહેતું એ નાનું બાળ.
ક્યાં જાણે છે એ નાનું મન,
કે લાગી છે એનાં ઘરમાં
તો સપનાંની હારમાળા?
કહેતી મમ્મી, "બનીશ તુ ડૉક્ટર",
ને પપ્પા વળી બનાવવા માંગે ઈજનેર!
દાદાને જોઈએ સરકારી કર્મચારી,
તો દાદી વળી માંગે શિક્ષક કોઈ!
સૌનાં સપનાંઓની ભરમાળમાં,
ખોવાઈ ગયું સપનું આ બાળકનું!

સ્નેહલ જાની....સુરત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - સપના
ની ભરમાર
શીર્ષક - સપનાને જગાડું છું..
પ્રકાર - પદ્ય શબ્દો - ૬૦

આંખો બંધ કરી સપનાને જગાડુ છું..
જીંદગીની સવારે ખુદને જીવાડુ છું..

સુખ-દુઃખએ સિક્કાની બે ઢાલ છે,
પુરુષાર્થ ના તાલ પર નસીબને રમાડું છું..

દિપકની જ્યોતને અંધારાનો શું ડર?
નાનીશી તાકાત કહે પ્રકાશને જીતાડુ છું..

અપેક્ષા ના તાર પર ચાલવું કઠિન છે,
નિરાશાની ઠેસ પર આંખોને રડાવુ છું..

આત્મવિશ્વાસ પર ખુદને ભરોસો છે,
સપનાની આંગળી પકડી પોતાની મંઝીલ બનાવું છું..
છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષયઃ–સ્વપન ની ભરમાર
શિર્ષકઃ– સપનાનું વાવેતર
શબ્દોઃ–૨૦૦

આજકાલ આ આધુનિક યુગમાં સ્વપ્નની પરમાર ખૂબ વધુ પડતી જોવા મળી રહી છે. મન એક અને સપનાઓ અનેક પ્રકારના જોવાતા થઈ ગયા છે.દરેક વ્યક્તિને પોતપોતાના સપનાઓ જોવાનો ઈશ્વરે સ્વતંત્ર અધિકાર આપેલો હોય છે, પરંતુ સ્વપ્ન કેવા અને ક્યાં પ્રકારનાં જોવા એ તમારી ઉપર આધારિત હોય છે.સપના સાકાર કરવા માટે ઘણા બધા સંઘર્ષો કરવા પડતા હોય છે,સપના માત્ર ધારી લેવાથી કે વિચારી લેવાથી પુરા નથી થઈ શકતા.સપનાની દિશા ચોક્કસપણે નક્કી કરી લેવી જોઈએ. એક વાત ખાસ યાદ રાખી લેવી કે કોઈના ભરમાવેલા સપના ક્યારે જોવા નૈ, તમારો પોતાનો મનોબળ, મહેનત અને અડગતા પર તમને પૂરેપૂરો આત્માવિશ્વાસ હોવો જોઈએ. બાળક, યુવાન અને વૃદ્ધ બધા જ પોતપોતાના સપનાઓ જોતા હોય છે, પરંતુ એની પણ અમૂક ઉંમરની મર્યાદાઓ હોય છે.દા.ત. જો તમારે "છજી બનવું છે તો ૫૦ વર્ષની ઉંમરે ન બની શકાય... એ "છજી બનવા માટે નો સમય અને એની ઉંમરની મર્યાદા મુજબ વિષયો પસંદ કરીને અને તમારી ભીતરમાં રહેલી જિજ્ઞાસાથી ત્યા સુધી પહોંચી શકાય છે.આ બધું ત્યારે શક્ય બને જ્યારે તમે મનરૂપી ખેતરમાં તમારા સપનાઓના બીજ નું વાવેતર કરો. અને સપનાઓનું વાવેતર કર્યા પછી એનું કાળજીપૂર્વક જતન થવું જોઈએ.

"સપના જો અને જરૂર જુઓ,
પરંતુ...
સપના તમારી લેવલના હોવા જોઈએ.
અર્થાત્...
ત્યાં સુધી પહોંચવાની તમારે ક્ષમતા જોઈએ."

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 109**
શિર્ષક :-સ્વપ્નું. પ્રકાર :-પદ્ય

સુંસવાટો મારી ચડી આવે
રાતના પાછલા પ્હોરે
વાવાઝોડા જેમ
ને ઉચકે અધ્ધર
હવામાં
હું વિહરવા લાગું
આકાશે
અદ્દભૂત !
મારી આંખ વચ્ચે ઉઘડે
અપ્સરા
જાણ પહાડોમાં શ્વેતવસ્ત્રે
ઊતરી વનપરી
ને હાથ લાંબો કરે
લઈ જવા
અવલદુનિયાની મુસાફરીએ
જયાં હું બેઠો થાઉં
ત્યાં ખાટલીની દોરી
મારા શરીરને સખ્ત થઈ
કહે સપનું છે!!!
બાબુ સંગાડા"મહેક"હાલોલ પંચમહાલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O, G. S, S. No. 0102.**
વિષયઃ- સ્વપ્નોની ભર માર.
શીર્ષક :-સ્વપ્નની દુનિયા.
શબ્દઃ- ૨૧૦.

માનવીના અચેતન મનમાં રહેલી ઈચ્છાઓ સ્વપ્ન રૂપે જોવા મળે છે . માનવી જ્યારે ઊંઘ કરે છે ત્યારે રાત્રે તેને સ્વપ્ન આવે છે. સ્વપ્નોની એક અલગ જ દુનિયા હોય છે. અચેતન મગજમાં રહેલી કલ્પનાઓ સ્વપ્નમાં સાકાર ધારણ કરે છે . રોજે રોજ માનવીને જુદા જુદા પ્રકારના સપનાઓ આવતા હોય છે.

સ્વપ્નશાસ્ત્રમાં જુદા જુદા પ્રકારના સ્વપ્નો ઉપરથી શુકન અને અપશુકન વિશેની પણ માહિતી જાણવા મળે છે. જો સપનામાં ગાય, સુંદર પંખીઓ , કુદરતી દ્રશ્યો, બ્રાહ્મણ, વગેરે જોવામાં આવે તો તેને શુભ માનવામાં આવે છે , તે જ રીતે ભૂત પ્રેત , પાણીમાં ડૂબી જવું , આપણા ઉપર દુર્ઘટના થવી વિગેરે પ્રકારના સ્વપ્ન અશુભ માનવામાં આવે છે . સ્વપ્નમાં દેખાતી કેટલીક વસ્તુઓ ઉપરથી આપણા ભવિષ્યની પણ આગાહી કરવા માટેનું પણ સ્વપ્ન શાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે.

રાત્રે આવેલા સપનામાંથી લગભગ મોટાભાગના સ્વપ્ન સવારના બહુ યાદ રહેતા નથી પરંતુ કેટલાક આપણે યાદ રહી જાય છે . સ્વપ્નમાં જ્યારે મૃત્યુ પામેલા સ્વજોનો દેખાય ત્યારે તેઓ કોઈ આપણા પાસે અપેક્ષા કરતા હોય તેવું પણ લોકો માને છે. સ્વપ્ન શાસ્ત્રમાં ભવિષ્યમાં બનનારી કેટલી ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે અને તેના ઉપરથી તેનું ફળકથન પણ કહેવામાં આવે છે.

સ્વપ્નથી માણસને ઘણીવાર માનસિક આનંદ અને શાંતિ મળે છે અને આપણા મનની અંદર ચાલતા વિચારોને મૂર્તિમંત થવા માટેની સ્વપ્નો એ એક આપણે તક આપે છે.

સારા સ્વપ્નના આવવાએ તંદુરસ્તીની નિશાની છે.
રતીલાલ વાયડા

# બહુચરાજીને જોડતો હાંસલપુર-બેચરાજી નેશનલ હાઈવે પર ગણ્યા ગણાય નહીં એટલા ખાડા, વાહનચાલકો પરેશાન





બહુચરાજી યાત્રાધામને જોડતો હાંસલપુર બેચરાજી ૩ કિમીનો નેશનલ હાઈવે રોડ વરસાદને લઈ ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે. આ રોડ સુરેન્દ્રનગર, પાટણ, અમદાવાદ અને મહેસાણા આ ચાર જિલ્લાનાં ગામડાઓને જોડતો મેઈન હાઈવે છે. આ રોડ ઉપર મારુતિ સુઝુકી, હિરો હોન્ડા જેવી નામાંકીત મોટી કંપનીઓ આવેલી છે. આ નેશનલ હાઈવે ઉપર આ કમ્પનીઓનાં મોટા મોટા વાહનો પસાર થઈ રહ્યા છે.ત્યારે ધૂળની ડમરી એટલી હદે ઉડે છે કે બાઈચાલકોને આગળ નો રોડ પણ નથી દેખાતો અને મોટા અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે જેથી સત્વરે રોડ બને તેવી લોકમાંગ ઉઠી છે. આ વિસ્તારમાં ધોધમાર વરસાદના કારણે રોડ સાવ ધોવાઈ ગયો છે.શિરદર્દ બનેલ આ રોડ પસાર થતા વાહન ચાલકોકોને ધોળેદિવસે તારા દેખાઈ રહ્યા છે. આ રોડ સાથે મારુતિ સુઝુકી સહિતની અનેક નાની મોટી કંપનીઓ જોડાયેલી હોવાથી દિવસ રાત ભારે વાહનોની સાથે નાના મોટા વાહનોની ચોવીસ કલાક અવર જવર થતી રહે છે. રોડમાં પડેલ ખાડા અને રોડની સાઈડો તુટી ગઈ હોવાથી ધૂળની ડમરીથી ટુ વ્હીલર સહિતના નાના વાહન ચાલકોની આખોમાં ધૂળ ભરાઈ જતાં કઇ દેખાતુ ન હોઈ અકસ્માતનુંપ્રમાણ વધી રહ્યુંછે. એક તરફ રોડનાં મોટા મોટા ખાડાઓ અને બીજી તરફ મોટા વાહનોનાં પાછળનાં બાઈકચાલકની આખોમાં ઉડતી ધૂળ ભરાતા અકસ્માતની ઘટનાઓ બની ચુકી છે.ત્યારે વધું અકસ્માત ન સર્જાય અને નિર્દોષ લોકો નાં લાડકવાયા જીવ ગુમાવે તે પહેલાં કુંભકર્ણ નિદ્રામાં સુતેલા માર્ગ મકાન વિભાગના અધિકારીઓ આ ખખડધજ રોડનો ઉધ્ધાર કરે તેવું સ્થાનિક લોકો અને વાહન ચાલકો ઈચ્છી રહ્યાં છે.

# ગાંધીનગર જિલ્લામાં ૧૪ સપ્ટેમ્બર થી ૧ ઓકટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ હાથ ધરાશે



સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત બીજી ઓક્ટોબરના રોજ સ્વચ્છ ભારત દિવસની ઉજવણી માટે તા. ૧૪ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર સુધી ભારત સરકાર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ હાથ ધરી મહા સફાઈ શ્રમદાન ડ્રાઈવ પણ યોજાશે.ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજ ૬ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન સ્વચ્છતા વોક યોજાશે. તા. ૧૦ થી ૧૩ સપ્ટેમ્બરે 'બ્લેક સપોર્ટની ઓળખ' ની કામગીરી કરવામાં આવશે. ત્યારબાદ તા.૧૪થી ૨૧ સપ્ટેમ્બર સુધી દરેક સરકારી કચેરી, શાળાઓ, કોલેજોમાં સ્વચ્છતાના શપથ લેવડાવવા અને મહા સફાઈ શ્રમદાન ડ્રાઈવ પણ યોજાશે.

તા.૧૭સપ્ટેમ્બરથી ખાસ મહા સફાઈ અભિયાન અંતર્ગત લોક પ્રતિનિધિ અને જાહેર જનતાના સહયોગથી સફાઈ કાર્ય કરવામાં આવનાર છે. એ જ રીતે તા.૧૮,૧૯ સપ્ટેમ્બરના રોજ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત સફાઈ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપનું પણ આયોજન કરી તેમને સેનેટરી નેપકીનના સુરક્ષિત નિકાલ માટેનો વર્કશોપ યોજાશે. તા. ૨૦,૨૧ સપ્ટેમ્બરના રોજ રીડ્યુસ અને રિસાયકલ ના વર્કશોપમાં વેસ્ટમાંથી બેસ્ટ કમ્પોસ્ટ બનાવવાની તાલીમ યોજવામાં આવશે.જ્યારે તા.૨૨ થી ૨૫ સપ્ટેમ્બર 'કચરામાંથી કંચન' સ્લોગન હેઠળ વેસ્ટમાંથી બેસ્ટ તથા કપડાની બેગના ઉપયોગને પ્રોત્સાહન માટેના વર્કશોપનું આયોજન કરાયું છે. ઉપરાંત તા.૨૬, ૨૭ સપ્ટેમ્બરના રોજ વેસ્ટમાંથી બેસ્ટ, જાહેર સ્થળો અને સંસ્થાઓમાં વેસ્ટ ટુ આર્ટ ઈન્સ્ટોલેશનની કામગીરી ઉપરાંત સેલ્ફી પોઈન્ટ ઊભા કરવા તથા જાહેર સ્વચ્છતા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. આ જ રીતે તા.૨૮,૨૯ સપ્ટેમ્બરના રોજ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત કાર્ય કરવામાં આવશે.જ્યારે ૩૦ સપ્ટેમ્બરે સ્વચ્છ ભારત દિવસ પર સ્વચ્છતાના યોદ્ધાઓને એવોર્ડ આપી સન્માનિત કરવા સાથે સમગ્ર ઝુંબેશ દરમિયાન સારી કામગીરી કરનાર વિદ્યાર્થીઓ સ્વયંસેવકો સફાઈ કર્મચારી મહિલાઓ સરપંચ અન્ય નાગરિકો વગેરેને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જ્યારે પહેલી ઓક્ટોબરના 'સ્વચ્છ ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાતના' સ્લોગન હેઠળ શાળાના વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો તથા ગ્રામજનોને સામેલ રાખી સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

# 'ગણપતિબાપા મોરિયા'ના નાદ ગુજ્યા ગાંધીનગરમાં







આજે ગણેશ ચતુર્થીનાં પાવન અવસરે વિઘ્નહર્તા શ્રી ગણેશની પધરામણી થઈ છે. ગાંધીનગરમાં ભાવિ ભક્તોએ ઠેર ઠેર શ્રી ગણેશનું સ્થાપન કર્યું છે. સેકટર - ૨૨, સેકટર - ૨ તેમજ રાયસણ સ્થિત ગુજરાત નૅશનલ લો યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓએ વાજતે ગાજતે ભારે હર્ષોલ્લાસ સાથે આજે શ્રીજીનું સ્થાપન કરવામાં આવ્યું છેહિન્દુ ધર્મમાં ભગવાન શ્રી ગણેશ ખૂબ જ આરાધ્ય અને આદરણીય દેવતા છે. ભગવાન ગણેશને 'વિઘ્નહર્તા' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ભક્તોના જીવનમાંથી તમામ મુશ્કેલીઓ અથવા અવરોધોને દૂર કરે છે. આજથી ગણેશજીની પુજના-અર્ચના કરીને લોકો પોતાના જીવનના દુઃખ, દર્દ, વિઘ્નોને દૂર કરવા વિઘ્નહર્તાને પ્રાર્થના કરશે. ગાંધીનગરમાં અનેક જગ્યાએ ગણેશ મહોત્સવનું આયોજન થયું છે. તો ઘણા ભાવિ ભક્તોએ પોતાના ઘરે પણ લંબોદરાયનું સ્થાપન કર્યું છે.

# બોટાદ શાળા નં.૧૩ ખાતે શિક્ષકદિનની કરવામાં આવેલ શાનદાર ઉજવણી !



ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર બોટાદ

બોટાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ભૈરવાચોકની શ્રી સુભાષચંદ્ર બોઝ શાળા નં.૧૩ ખાતે ભારત દેશના મહાન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ એવા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ને અંજલિ અર્પવા શિક્ષકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.બાળકોએ શિક્ષક તરીકે સુંદર કાર્ય કર્યું હતું.આચાર્ય તરીકે ધોરણ - ૫ ના કૃષ્ણ વાળા અને ધોરણ - ૮ ની ઉર્વશી રેલિયાએ ફરજ બજાવી હતી. આજના દિને શિક્ષક બનેલાં બાળકોનાં સુંદર શૈક્ષિણક કાર્યની આચાર્યશ્રી અને શિક્ષકગણ દ્વારા ખાસ સરાહના કરવામાં આવી હતી.

# કવિશ્રી બોટાદકર કૉલેજ-બોટાદ ખાતે શિક્ષકદિનની કરવામાં આવેલ શાનદાર ઉજવણી !

ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર બોટાદ

બોટાદ શહેરની ખ્યાતનામ સંસ્થા કવિશ્રી બોટાદકર આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે ભારત દેશના મહાન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ એવા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ને અંજલિ અર્પવા શિક્ષકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે સુંદર શૈક્ષણિક કાર્ય કર્યું હતું. આટ્ર્સ વિભાગનાં આચાર્ય તરીકે અસ્મિતાબેન મેર અને કોમર્સ વિભાગનાં આચાર્ય તરીકે મહેન્દ્રભાઈ શેખ દ્વારા ખૂબજ સુંદર કામગીરી બજાવવામાં આવી હતી.

આજના દિને શિક્ષક બનેલાં વિદ્યાર્થીઓમાં આટ્ર્સ વિભાગમાં ૧-કેસરિયા વૈદેહી, ૨-વાઝડિયા વિશાલ, ૨-પરમાર તરૂણા, ૩-પીઠવા માનસી, ૩-બલિયા પ્રદીપ અને કોમર્સ વિભાગમાં ૧-રોજેસરા ચાંદની, ૨-ડાભી નેહા, ૩-મીર ગણેશ, ૩-ખાંદળા ધરતીને સુંદર શૈક્ષિણક કાર્ય બદલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે આટ્ર્સ વિભાગમાં ડૉ.શર્મિલાબેન પરાલિયા, પ્રા.આરતીબેન કુકડિયા, પ્રા.વૈશાલીબેન દવે તથા કોમર્સ વિભાગમાં પ્રો.માલદેસાહેબ, પ્રો.જયસાહેબ, પ્રો.દિપાલીબેન મકવાણાએ ફરજ બજાવી હતી.કૉલેજના આચાર્યશ્રી ડૉ.અનિરૂધ્ધસિંહ મકવાણા સરે હાજર રહી પ્રસંગોચિત વકતવ્ય આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. તૃપ્તિબેન આચાર્ય અને ડૉ.જ્યોતિબેન વિશ્વકર્મા દ્વારા કરાયું હતું.કાર્યક્રમનું સંચાલન વિશાલ વાંઝડિયાએ કર્યું હતું.



ઊના તાલુકાના સીમર ગામે શ્રી, સોરઠ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ અંડર ૧૭ ખોખો સ્પર્ધા ગીર સોમનાથ જિલ્લા કક્ષાની સુત્રાપાડા ગામે વિવેકાનંદ વિનય મંદિર મુકામે યોજાઇ હતી જેમાં સીમર ગામની શ્રી માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ ની ટીમ જિલ્લા કક્ષા એ વિજેતા બની હતી. આગમી દિવસો માં રાજ્ય કક્ષા એ ભાગ લેવા જતા ટ્રસ્ટ ના પ્રમુખ કાનાભાઈ રામ, શાળા ના આચાર્ય અભય સિહ પરમાર અને કોચ પરેશભાઈ લાખનોત્રા અને શાળા ના સ્ટાફ પરિવાર તેમજ જાગૃત નાગરિકો લોકોએ અભિનદન સાથે શુભકામનાઓ પાઠવેલ હતી.



હરિકૃષ્ણ હાઇટ્સ સોસાયટી પરિવાર માં ગણપતિ દાદા નું ધામધૂમ થી આગમનઆજરાજ સવારે ૯ કલાકે ગણપતિ બાપા મોર્યા ના નાદ સાથે ધામધૂમ થી સમગ્ર,હરિકૃષ્ણ હાઇટ્સ પરિવાર દ્વારા ભવ્ય પધરામણી કરવામાં આવી, દરરોજ રાત્રે ૯ કલાકેઆરતી, તેમજ દરરોજ જુદા જુદા કાર્યક્રમ તેમજ રાસગરબા અને ભજન કીર્તન થી દાદાની આરાધના કરવામાં આવશે. ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા તમામ ભક્તો ને પધારવાભાવભીનું આમંત્રણ દ્વારા પાઠવવામાં આવ્યું છે, સમગ્ર આયોજન ને સફળ બાનાવવામાટે કપીલભાઈ શાસ્ત્રી, બિપીનભાઈ પંડ્યા, સંજયભાઈ નાગ્રેચા, આશુતોષભાઈ પંડ્યા,જયશ્રીબેન મેહતા, ઈલાબેન રાઠોડ, મૌલિનભાઈ આચાર્ય તેમજ સમગ્ર હરિકૃષ્ણ હાઇટ્સ સોસાયટી, માધાપર ચોકડી પાસે ખુબજ જહેમત ઉઠાવી રહ્યા છે.

# નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ-૨૦૨૪ અંતર્ગત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની "રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજાઈ

ભારતના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં "ઈન્ફોર્મેશન ટેકનોલોજી" પ્રત્યે આકર્ષણ જાગે તથા તેમના જ્ઞાન માં વધારો થાય તે હેતુથી ટાટા કન્સલ્ટન્સી અને કર્ણાટક ના વિજ્ઞાન અને પ્રોધ્યોગિકી વિભાગ દ્વારા દર વર્ષે સમગ્ર દેશમાં "રૂરલ આઈ ટી ક્વિઝ" નું આયોજન અને ગુજકોસ્ટ દ્વારા રાજ્ય કક્ષાનું આયોજન કરવામાં આવે છે જેના ભાગ રૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જીલ્લની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજી હતી

નિસર્ગસાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ અનિલ પટેલ દ્વારા ક્વિઝ અંગેનુંમાર્ગદર્શન




આપવામાં આવ્યું હતું આ રૂરલ આઈ.ટી.ક્વીઝ માં ગાંધીનગર જીલ્લની ૨૬ શાળાના ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં બહુવિકલ્પ વાળા પ્રશ્નોનું પેપર આપવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ જવાબ લખ્યા હતા.આ ક્વિઝમાં ટોપ ૧૫ વિદ્યાર્થીઓ આગામી સમયમાં યોજાનાર રાજ્ય કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ-૨૦૨૪માં ભાગ લેશે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થાના સંયોજક શિવાંગ પટેલ,હાર્દિક મકવાણા અને હાર્દિક ભટ્ટ ભારે જહેમત ઉઠાવી હતી

# વિમેદારને ક્લેમ દેતાં સમયે મનમાની કરતી કેર હેલ્થ વિમા કંપનીને ગ્રાહક સુરક્ષા કોર્ટની ફટકાર

કેરહેલ્થ ઈન્સ્યુરન્સ વીમા કંપનીએ સુરતમાં સારવાર કરાવનાર ગ્રાહક વિજય શર્માને તેમના પોતાની સારવારનો ચુકવવા પાત્ર હેલ્થ વિમાનો ક્લેઈમ નહિ ચૂકવી ક્લેમના રૂપિયા દેવા માંથી છટકી ગઈ હતી. પોલિસી ધારકને પથરીની બીમારી હતી તે દરમિયાન વિમા કંપનીએ વિમાધારકનું વેરીફીકેશન કરેલ હતું. અને તેમાં જે બીમારી હતી તે સિવાયના પણ પ્રશ્ન પૂછેલ. તેમાં વિમા ધારક તમાકુ ખાતા હોવાની વાત ધ્યાને આવેલ અને તેના આધારે પથરીના દર્દનો ક્લેમ ના મંજૂર કરેલ હતો.હકીકતે વિમા કંપની પોલિસી દેતી વખતે માત્ર પ્રીમિયમ સામે જ જોવે છે અને પોલિસી ધારકની બીજી કોઈ વિગત ઉપર ધ્યાન દેતી નથી. જ્યારે ક્લેમની રકમ દેવાની થાય ત્યારે પોલિસી શરતોના ખોટા અર્થ ઘટનો કરી ક્લેમ દેવામાંથી છટકી જાય છે.આવું થવાનું મુખ્ય કારણ એ પણ છે કે મોટા ભાગે વીમાનું ક્લેમ વેરીફિકેશન ની પ્રક્રિયા બિન કાયદેસર લોકો પાસે અને બિન કાયદેસર રીતે કરાવવામાં આવે છે. આ વેરિફિકેશનનો મૂળ ઉદેશ ક્લેમ ના મંજૂરી માટેના આધારો ઊભા કરવાનો હોય છે તેવું વિમા ધારકોએ જોયું છે.આ કેસમાં પથરીની સારવાર આપનાર ડોકટરે સ્પષ્ટીકરણ આપતું સર્ટિફિકેટ આપેલું જેમાં જણાવેલ કે દર્દીને જે પથરી હતી તે તમાકુના આધારે ઠાઈએલ નથી. છતાં કેર હેલ્થ વિમા કંપનીએ મનમાની કરીને ડોક્ટરના સર્ટીફીકેટની અવગણના કરેલ હતી. જ્યારે એ જ સર્ટિફિકેટ ને નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટે અગત્યનું સમજીને વિમા ધારકને ન્યાય આપ્યો છે. વિમા કંપનીના ક્લેમ નિર્ણાયકો ગ્રાહક સુરક્ષા કોર્ટ કરતા વધુ સમજદાર હોય તેવી મનમાની કરી રહ્યા હોય તેવું હાલના સમયમાં લાગી રહ્યું છે. ગ્રાહક સુરક્ષા કોર્ટ પાસે આવા કિસ્સા વારંવાર આવતા હોય છે. ક્લેમ દેતાં સમયે વિમા કંપનીઓ પોલિસીની શરતોનું ખોટું અર્થઘટન બતાવી ક્લેમ દેવા માંથી છટકી જાય છે તેવું વારંવાર જોવા મળે છે. અને વિમા પ્રીમિયમ લીધા પછી પણ ક્લેમ ચૂકવતી નથી એવું અતિશય જોવા મળે છે.. આ કેસમાં ગ્રાહકને તેની રજૂઆત સાંભળેલ નહિ અને વિમા કંપનીએ મનમાની કરી ગ્રાહકને ક્લેમ આપવાની ના પાડેલ હતી. ત્યાર બાદ ગ્રાહક સુરક્ષા ફોરમ સુરતમાં કેસ દાખલ કરાયેલો. જિલ્લાના જાણીતા અને ગ્રાહક સુરક્ષા કેસના સ્પેસિયાલિસ્ટ એડવોકેટ શ્રી બેલા ગિરનારા અને હસમુખ ગીરનારા દ્વારા આ કેસ રજૂ કરવામાં અને લડવામાં આવેલ અને નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટ દ્વારા ફરિયાદીને રૂ.૦૨,૧૧,૦૩૩/- વાર્ષિક ૮ ટકાના વ્યાજ સાથે તથા માનસિક ત્રાસ તેમજ લીગલ ખર્ચ પેટે કુલ રૂ.૫૦૦૦/- ચૂકવવાનો ગ્રાહક લક્ષી હુકમ કરેલ છે.






ન્યૂઝ ઓફ ગાંધીનગર :ભાવેશ પરમાર (બોટાદ)

આજરોજ બોટાદ ખાતે આવેલ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ જિલ્લા પુસ્તકાલયમાં રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસની ઉજવણી કરવામાં આવી. પુસ્તકાલયનાં સભ્યો, વિવિધ શાળા કોલેજનાં વિદ્યાર્થીઓ તેમજ પુસકતકપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. લાયબ્રેરીમાં રહેલા પુસ્તકો નિહાળીને પનપસંદ પુસ્તક વિશે દરેકે પોતપોતાનાં પ્રતિભાવ આપ્યાં હતા. આજનાં સમયમાં વિદ્યાર્થીઓ મોબાઈલ છોડી પુસ્તક તરફ વળે એવી અભ્યર્થના સાથે કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો હતો.



બોટાદ જિલ્લાનાં તીર્થધામ ગઢડા સ્વામીનાં શહેરમાં અક્ષર ઘાટની બાજુમાં ઘેલો નદી આવેલી છે. અહીં રાત્રિના સમયે એક પીકઅપ ગાડીના ચાલકે ગાડીને રિવર્સમાં લેવા જતાં ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગ્રીલ તોડીને નીચે નદીમાં ખાબકી હતી. જોકે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો જાનહાની ટળી હતી. જ્યારે ઘટનાની જાણ થતાં આસપાસના લોકોના ટોળા એકત્રીત થયા હતા.

# બોટાદનાં ગોરડકા ગામેથી SOGએ બોગસ ડૉકટરને પકડ્યો

ન્યૂઝ ઓફ ગાંધીનગર: ભાવેશ પરમાર (બોટાદ)

બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક કિશોર બળોલીયાના માર્ગદર્શન હેઠળ જીં"/ઝ ". .એમ.જી.જાડેજાની સૂચના હેઠળ બોટાદ જીલ્લામાં મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટીસ કરતા ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવા સૂચના કરી હતી જે સુચના મુજબ એસ.ઓ.જી. શાખાના પ ૅ .સ બ . ઈ ન સ . એ.એમ.રાવલ ગભરૂભાઈ ધાધલ, અને મેડીકલ ઓફિસરને સાથે રાખી વિવિધ ટીમ બનાવી તાઃ-૦૫/૦૯ના રોજ ગોરડકા ગામે રહેતા અતુલભાઈ વજુભાઈ ઓતરાદીવાળો ડિગ્રી વગર પ્રાઈવેટ દવાખાનું ચલાવે છે સ્થળ ઉપર જઈ તપાસ કરતા હકિકત મુજબ અતુલભાઈ વજુભાઈ ઓતરાદી (ઉ.વ.૨૪, રહે. ગોરડકા) કોઈ ડિગ્રી ધરાવતા ન હતા છતા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી દવાખાનુ ચલાવી ગ્લુકોઝના પ્રવાહી ભરેલા બાટલાઓ, મળી કુલ રૂ ૧૭,૦૬૨ના મેડીકલ પ્રેક્ટીસને લગતો સામાન અને રોકડ મળી આવતા અતુલભાઈ ઓતરાદી વિરૂધ્ધ મેડીકલ ઓફિસરને સાથે રાખી કાર્યવાહી હાથ ધરાઈ હતી.





વર્ષો વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સેક્ટર-૨૨, રંગમંચ, ગાંધીનગર દ્વારા ૫૫મો ગણેશોત્સવ "ગાંધીનગર ચા રાજા" ની ભવ્ય શોભાયાત્રા, પોલીસ એસ્કોર્ટ સાથે તા. ૦૭/૦૯/૨૦૨૪ શનિવારના રોજ સવારે ૧૦ :૩૦ કલાકે શ્રી એસ કે પટેલ ( કાવ્યરત્ન પરિવાર ) ના નિવાસ્થાનેથી ધોળેશ્વર મહાદેવ પાસે, રાંદેસણ થી નીકળીને રક્ષાશક્તિ સર્કલથી ઈન્ફોસિટિ સર્કલથી ચ રોડ થઈ ચ-૫ થઈને પંચદેવ મંદિર થઈને શુભ સ્થળ સેક્ટર ૨૨ રંગમંચ પહોચી હતી અને ત્યારબાદ શ્રીજીની મૂર્તિઓનું સ્થાપન કાવ્યરત્ન પરિવારજનો દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિથી સંપન્ન કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

---------------------

આવતીકાલે,
રંગમંચ, સેક્ટર :૨૨ ખાતે તાઃ ૮/૯/૨૦૨૪, રવિવાર
સાંજે ૮:૦૦ કલાકે.
બેસ્ટ સિંગર ઓફ સિટી ની સ્પર્ધા નું આયોજન કરેલ છે
સર્વેને પધારવા હાર્દિક નિમંત્રણ છે

## નહેરુનગર પાસે સતત ૧૮ મા વર્ષે અમદાવાદના રાજાની સ્થાપના; ઢોલ નગારા સાથે વિન્ટેજ કારમાં નીકળી ભવ્ય શોભા યાત્રા

દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદના નહેરુનગર પાસે અમદાવાદના રાજાની સ્થાપના કરવામાં આવી છે. સતત ૧૭ વર્ષથી નહેરુનગર પાસે 'અમદાવાદના રાજા' સાર્વજનિક ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ ગણેશ મહોત્સવનું ૧૮ મું વર્ષ છે.અત્યાર સુધી અમદાવાદના રાજાને હાથી પર બેસાડીને શોભાયાત્રા યોજવામાં આવતી હતી. પરંતુ આ વર્ષે અલગ રીતે આ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. આ વર્ષે વિન્ટેજ કારમાં બેસાડીને અમદાવાદના રાજાની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ સારા મુહૂર્તમાં ગણેશજીની વિધિવત સ્થાપના કરવામાં આવી.જે બાદ આરતી ઉતારીને અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. નહેરુ નગર પાસે સતત ૭ દિવસ સુધી અમદાવાદના રાજા બિરાજમાન રહેશે. આ દરમિયાન દરરોજા રાત્રિના સમયે ભવ્ય આરતી ઉતારવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દાદાના દર્શનનો લ્હાવો લેશે. સાતમા દિવસ બાદ ૧૩ સપ્ટેમ્બરે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

# ગુજરાતમાં બનતા ગુનાઓ સામે થતી સજાનો દર ઓછો, ક્રાઈમ રેટ ઈન ઈન્ડિયાના ડેટામાં ઘટસ્ફોટ




ગુજરાતમાં બનતા ગુનાઓની સામે તેનો કન્વિક્શન રેટ એટલે કે સજાનો દર અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછો હોવાનો ચોંકાવનારો આંકડો ક્રાઈમ રેટ ઇન ઇન્ડિયાના ડેટામાં સામે આવ્યો છે. જે રાજસ્થાન અને મહારાષ્ટ્ર કરતા ઓછો છે. જે બાબતે ચિંતા વ્યક્ત કરતા સિનિયર પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે અનેક કિસ્સામાં ભૂલ ભરેલી તપાસના કારણે આરોપીઓ કોર્ટમાં નિર્દોષ છુટી જાય છે. પોલીસ કેસમાં કન્વિક્શન દરમાં વધારો થાય તે માટે અમદાવાદ ખાતે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. ક્રાઈમ રેટ ઈન્ડિયાના ૨૦૨૨ દ્વારા રજુ કરવામાં આવેલા અહેવાલમાં દેશનો સરેરાશ સજાનો દર ૫૪.૨ ટકા છે. તેની સામે રાજસ્થાનનો કન્વિક્શન દર ૫૧.૭ ટકા અને મહારાષ્ટ્રનો દર ૪૫.૧ ટકા છે. જેના પ્રમાણમાં ગુજરાતનો દર માત્ર દર ૨૯.૭ ટકા છે. જે ગુજરાત પોલીસ માટે ચિંતાનો વિષય બન્યો છે. તો બીજી તરફ ચાર્જશીટ રેટમાં ચિત્ર ઉલ્ટુ છે. દેશનો ચાર્જશીટ રેટ ૭૧.૩ ટકા છે. તેની સામે ગુજરાતનો દર ૮૯.૯ ટકા છે અને રાજસ્થાનનો રેટ ૪૯.૮ ટકા તેમજ મહારાષ્ટ્રનો દર ૭૫.૩ ટકા છે. જેથી ગુજરાતમાં સજાનો દર વધે તે માટે પોલીસ અધિકારીઓના માર્ગદર્શન માટે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં સંબોધન કરતા પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોરેન્સીક સાયન્સ અને જ્યુડીશીયલ સિસ્ટમ સજાનો દર વધારવા માટે મદદરૂપ થાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.